## હરિની દૃષ્ટિ...




મહાદેવ... તમારો જ વાંક છે... વરસાદ સાચે પાડતા રહેતા હોત તો... કોઈ અનામત માંગવા નવરુ ન હોય...!!

# સે-૩૦માં તસકરોનો તરખાટ

### ગણેશ પાર્લરનું રાત્રે તાળુ તુટ્યુ : સે. ૨૯માં છ દુકાનોના જે રીતે તાળા તુટ્યા હતા તે જ પદ્ધતિથી તાળા તુટતા એક જ ગેંગ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૨૨

શહેરના સેક્ટર-૨૯ મુખ્ય શોપીંગમાં ગઈ રાત્રે તસ્કર ટોળકીએ છ દુકાનોના જે મોડ્સ ઓપરેન્ડીથી તાળા તોડ્યા હતા તે જ મોડ્સ ઓપરેન્ડીથી સે. ૩૦માં એક પાર્લરના તાળા તુટ્યા છે. એક જ ટોળકીએ બંને જગ્યાએ હાથ અજમાવ્યો હોવાની આશંકા છે. સે. ૩૦ના પાર્લર માલીકીની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી પીએસઆઈ બી.કે. અસારીએ તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૩૦ ખાતે સ્થિત સર્વોદનગર સોસાયટીમાં આવેલા ગણેશ પાર્લરને ગઈ રાત્રી દરમ્યાન તસ્કર ટોળકીએ નિશાન બનાવી હતી. દુકાનના શટરે લગાવેલા તાળાને તોડીને દુકાનમાંથી રૂ. ૬૦૦ રોકડા અને એક મોબાઈલ મળી રૂ. ૩૧૦૦નો મુદ્દામાલ ચોરી કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે સે. ૨૯માં રહેતા દુકાનમાલીક ભૌમિકભાઈ કિર્તીભાઈ બ્રહ્મક્ષત્રિયએ સે. ૨૧ પોલીસને ઘટનાની જાણ કરી ફરીયાદ આપતા પીએસઆઈ અસારી બનાવ સ્થળે ડૉગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની ટીમ સાથે પહોંચી ગયા હતા અને ઘરફોડિયાઓને પકડવા વૈજ્ઞાનિક ઢબે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.




## આજે સ્વસ્થ જીવન શૈલી અંગે વ્યાખ્યાન

ગાંધીનગરના મેડીકલ કોલેજના હોલમાં તા. ૨૩મી ઓગષ્ટ રવિવારે નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા સ્વસ્થ જીવનશૈલી વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન સાંજે ૪ વાગે યોજાશે. જેમાં ડાયાબીટીશ, હાઈ બીપી, હૃદયરોગ, લકવા તેમજ માનસિક રોગો વગેરેથી દૂર રહી શકાય તેવી જીવનશૈલી માટે વિસ્તારપૂર્વક માર્ગદર્શન આપવામાં આવશે.




ગાંધીનગરના સે. ૨૮માં દત્ત મંદિરે સચિવાલયના ડૉ. રાકેશ ભટ્ટ દ્વારા ડાયાબીટીશ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦થી વધુ મુલાકાતીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં દર્દીઓની લોહીની તપાસ પણ કરવામાં આવી હતી. ડૉ. રાકેશ ભટ્ટ દર મહિને બીજા અને ચોથા શનિવારે આ પ્રકારના કેમ્પનું આયોજન કરે છે.

## ડૉક્ટરને ગઠીયો છેતરી છુમંતર!

ગાંધીનગરમાં એક સરકારી તબીબને એક ગઠીયો સુંદર વાકછટા દ્વારા છેતરી ગયાનો બનાવ બનેલ છે. જેથી આવા ગઠિયાઓથી સાવચેત રહેવા માટે લાલબત્તી સમાન છે. ડોક્ટર સાહેબ પાસે ગઠીયો દર્દી બનીને આવ્યો હતો. ડૉક્ટરે દર્દીને તપાસતાં વાતચીત દરમિયન ગઠીયાએ પોતે આરટીઓમાં દલાલ છે જેથી આરટીઓનું કામ લાયસન્સ કે અન્ય કામ પતાવી આપીશ તેમ જણાવેલ હતું. જેથી ડોકટરશ્રીએ પોતાની પત્ની માટેના લાયસન્સની જરૂરિયાત વિષે વાત કરી ગઠીયાએ ૧૭૦૦ રૂપિયા ખર્ચ થશે તેમ જણાવી રૂપિયા લઈને ગયો. ઘણા દિવસો પસાર થવા છતાં ગઠીયો પાછો ન આવતાં છેતરાયાનો અનુભવ થયેલ છે.

# રૂપાલ-સરઢવ માર્ગ પરથી આઠ જુગારીઓ પકડાયા

### કિશાન એગ્રો પાછળના વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમતા આઠેયની ૪૩,૨૦૦નાં મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

શહેર નજીક રૂપાલ-સરઢવ માર્ગ પર સ્થિત કિશાન એગ્રો પાછળ ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે દરોડો પાડ્યો હતો. જુગાર રમતા આઠ શકુનીઓની પેથાપુર પોલીસે ધરપકડ કરી લઈને રૂ. ૪૩,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે બાતમીને આધારે રૂપાલ-સરઢવ રોડ પર કિશાન એગ્રો પાછળ રહેતા અને ત્યાં નજીકમાં જ ખુલ્લેઆમ જુગાર રમતા આઠ શખ્સોને પકડી પાડ્યા હતા. રૂ. ૧૦,૭૦૦ રોકડા, રૂ. ૧૨,૫૦૦ની કિંમતના ૬ નંગર મોબાઈલ તથા બાઈક મળીને કુલ રૂ. ૪૩,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે રાજુ હરગોવન પ્રજાપતિ, ધના પુના પ્રજાપતિ, રોહીત બાબુ પ્રજાપતિ, દિનેશ પ્રહલાદ પ્રજાપતિ, કમલેશ હરગોવન પ્રજાપતિ, ગોરધન ચિમન પ્રજાપતિ, દાના જેઠા પ્રજાપતિ અને ગોવિંદ વિરમ પ્રજાપતિ મળીને આઠ જુગારીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે મનપાના પ્રથમ ગરીબ કલ્યાણ મેળામાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન રાકેશ પટેલ સહિત ચાર જેટલા કાઉન્સીલરો ગેરહાજર રહેતા ચર્ચાએ જોર પકડ્યું હતું.

● ગાંધીનગર જિલ્લા ભાજપના સંગઠ્ઠન અને ચૂંટાયેલા નેતાઓની એક સંયુક્ત બેઠક હોવાથી બન્ને ધારાસભ્યો ગરીબ કલ્યાણ મેળામાં ક્ષણિક હાજરી આપી રજા લઈ બેઠકમાં હાજરી આપવા રવાના થયા હતા.

● પત્રકાર તુષાર બારોટ જન્મદિવસે ભગવાન શામળિયાના દર્શનાર્થે શામળાજી ગયા હતા.

● ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર શ્રાવણમાસ નિમિત્તે દરરોજ વાસણિયા મહાદેવ સુધી પદયાત્રા કરી ભગવાન શિવની આરાધના કરે છે.

● ગાંધીનગર સે. ૬ સ્થિત સંત રોહિદાસ સ્મૃતિ મંદિર ખાતે દલિત એકતા સંમેલનમાં દલિતો પર વધતા જતા અત્યાચાર સામે રોષની લાગણી નેતાઓએ વ્યક્ત કરી એકતા ટકાવી રાખવા હુંકાર કર્યો હતો.

● ગરીબ કલ્યાણ મેળામાં હાજરી આપવા ડે. મેયર કાર્તિક પટેલ સરકારી ગાડી જાતે ચલાવીને પહોંચ્યા હતા.

## સે-૮ વસાહત મંડળ તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૨૨

વસાહત મંડળ દ્વારા સેક્ટર-૮ની સરકારી પ્રાથમિક શાળામાં મંગળદાસ પટેલના હસ્તે અને સંજય થોરાતના નિવાસસ્થાને ધ્વજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમયે શાળાના બાળકોને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વસાહત મંડળના સલાહકાર શ્રી સૂર્યકાંત બારોટ અને ગીરીશભાઈ યાદવે આ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવા બદલ વસાહત મંડળના સભ્યોનો આભાર માન્યો હતો.

સે-૮ના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભનું આયોજન બીજી ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ સાંજે ૪-૦૦ વાગે સેક્ટર-૮ના બગીચામાં રાખેલ છે. સે-૮માં વસવાટ કરતા ધોરણ ૧ થી ૯ના જે વિદ્યાર્થીઓએ ૭૫ ટકાથી વધારે ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓને માર્કશીટ આપવાની બાકી હોય તેમણે શ્રી નિલેશ જે. પટેલ, પ્લોટ નં. ૩૨૨/૧, સેક્ટર-૮ તથા શ્રી વિરેન્દ્ર જાદવ પ્લોટ નં. ૩૮૨/એ/૧ સેક્ટર-૮ને ૧૦-૯-૨૦૧૫ સુધીમાં અચુક પહોંચાડી દેવી તે બાદ મળેલ માર્કશીટ ધ્યાને લેવામાં આવશે નહિ.

## આજે કચ્છ-ટુ-વલસાડ-૧૪૦૦ કિમી સાયકલરેલી ગાંધીનગરમાં

### આધુનિક જીવનશૈલી આધારિત રોગો અંગે જાગૃતિ ફેલાવવા નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા સાયકલ રેલીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

આધુનિક જીવનશૈલીના કારણે વધતા જતા ડાયાબીટીશ, બીપી, હૃદયરોગ, લકવો અને માનસિક રોગો અંગે જાગૃતિ અને તેની અટકાયત માટે નેશનલ મેડીકોઝ ઓર્ગેનાઈઝેશનના ગુજરાત યુનિટ દ્વારા કચ્છ-ટુ-વલસાડ-૧૪૦૦ કિમી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી આવતીકાલે ગાંધીનગર ખાતે પધારશે જ્યાં એનએમઓના ગાંધીનગર યુનિટ તથા અન્ય સંસ્થાઓ દ્વારા સ્વાગત કરાશે.

આ રેલીમાં ગાંધીનગરના સાયકલીસ્ટો પણ જોડાશે અને રેલી નગરના મધ્યમાં આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચશે. રેલી દરમ્યાન નગરમાં ઠેર ઠેર તેનું સ્વાગત કરવામાં આવશે. તેમજ ગાંધીનગરની મેડીકલ કોલેજના હોલ નં. ૫ ખાતે ડૉ. સી.બી. ત્રિપાઠી જેઓ ભાવનગરની મેડીકલ કોલેજના એચઓડી છે તેમનું વ્યાખ્યાન પણ યોજાશે. રેલીમાં જોડાવા ગાંધીનગરના નગરજનોને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગોકુળપુરા પાસે બે બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મૃત્યુ

### ગોકુલપુરાથી જીઆઈડીસી તરફ જતા બાઈકચાલક ડિવાઈડર કુદાવીને સામે બાઈક પર આવતા દંપતિને ટક્કર મારી : ત્રણ ઘાયલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરનાં ક-માર્ગ પર સ્થિત ગોકુલપુરા ગામથી જીઆઈડીસી તરફ જઈ રહેલા યુવાને અચાનક તેના બાઈક પરથી કાબુ ગુમાવી ડીવાઈડર પર ચઢાવી દઈને સામેથી બાઈક પર આવતા દંપતિને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ચાર વ્યક્તિ ઘાયલ થયા હતા. જે પૈકી એક યુવાનનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. સેક્ટર-૭ પોલીસે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગોકુલપુરા છાપરા વિસ્તારમાં રહેતો ૨૮ વર્ષિય યુવાન દિનેશભાઈ કાળુભાઈ રાવળ તેના મિત્રને બાઈક પાછળ બેસાડીને જીઆડીસી તરફ ગઈ સાંજે જઈ હયો હતો. સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ડીવાઈડર કુદાવી બાઈક સામેના રોડ પર ઘુસાડી દીધુ હતુ અને સામેથી બાઈક પર આવતા દંપતિને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દંપતિ અને બે યુવાન મિત્રો મળી ચારેય ઘાયલ થયા હતા. જે પૈકી ગંભીર રીતે ઘવાયેલા દિનેશભાઈ કાળુભાઈ રાવળનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે તેનો મિત્ર અને દંપતિ ત્રણેયને હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યા છે. સે. ૭ પોલીસમથકના પીએસઆઈ દેસાઈએ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

## ખેડૂતહિત રક્ષક મંડળ દ્વારા ખેડૂતોના ૧૩ પ્રાણ-પ્રશ્નો ઉકેલવા રજુઆત

ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા છેલ્લા ચારેક વર્ષથી ખેડૂતોના ૧૩ જેટલા પ્રાણપ્રશ્નોની વારંવાર રજુઆત કરવામાં આવેલ છે. ખેડૂત તરફી કોઈ નિર્ણય લેવાતો નથી. પ્રશ્નનો નિકાલ થાય તેમ ખેડૂતહિત રક્ષક મંડળ ઈચ્છી રહ્યું છે. ભૂમિ અધિગ્રહણ કાયદો રદ કરવો, રખડતાં પશુઓ માટે પશુપાંજરા તાલુકે તાલુકે બનાવવા, ખેતી વિષયક બોરમાં મીટર કાઢી સમાન વિજ દર કરવો, સુજલામ, સુફલામ કેનાલમાં બારે માસ પાણી ચાલુ રાખવુ, ઉત્તર ગુજરાતની તમામ નદીઓમાં આડબંધ બાંધી પાણી ભરેલું રાખવું. જેથી જમીનમાં ઉતરે તો પાણીના તર ઉંચા આવે., ૫૮ વર્ષ પછી ખેડૂત અને ખેત-મજૂરને માસિક રૂપિયા ૫૦૦૦ પેન્શન આપવું, ૪૦ એચ.પી.થી મોટી મોટર હોય તો એક હોર્ષ પાવર બે લોડ ગણવાં, ખેડૂત ખાતેદારના સીધી લીટીના તમામ સભ્યોને ખેડૂત ગણીને સહાયનો લાભ આપવો, ખેતી દરમ્યાન ઝેરી જાનવર કરડે, ઝેરી દવાની અસર થાય, કરંટ લાગે, અથવા થ્રેશર ટ્રેક્ટરમાં ખેડૂત અથવા ખેત-મજૂર મૃત્યુ પામે તો ૧૦ લાખ રૂપિયા અકસ્માત સહાયરૂપે આપવા, શાકભાજીનો મીનીમમ તળિયાનો ભાવ બાંધવો, નવી શરતની તમામ જમીનો સરકારે જાતે જૂની શરતમાં ફેરવી નાખવી. કોણપણ પ્રકારનો ચાર્જ લીધા સિવાય ઉતારામાં જુની શરત લખવી, કેન્દ્ર સરકાર કપાસની ખરીદી ન કરે તો ગુજરાત સરકારે ઓક્ટોબર માસમાં કપાસની ખરીદી કરવી, નાનો ખેડૂત હોયને જાહેર હેતુ રેલવે, કેનાલ, ઓ.એન.જી.સી. રોડ માટે જમીન જતાં ખેડૂત ખાતેદાર મટી જતા હોય તો જે તે ગ્રામ પંચાયતમાં જમીન આપવી અને તેનો ખેડૂત હક્ક ચાલુ રાખવો, ખેડૂતના ખેતરમાં આવેલી ઇલેક્ટ્રીક લાઈન, મોટી ટાવર લાઈન આવવાથી ખેડૂતની જમીન કપાતી હોવાથી ખેતી થઈ શકતી નથી. તો સરકારે વાર્ષિક ભાડુ આપવું. માંગણીઓ સરકારશ્રીએ સત્વરે ઉકેલ લાવવો જોઈએ તેમ જગતનો તાત ઈચ્છી રહ્યો છે. ગુજરાત ખેડૂત હિનતરક્ષક મંડળના દશરથભાઈ ચૌધરીએ જણાવેલ છે.

## આઉટ સોર્સીંગથી છુટા કરાયેલા ઉમેદવારોને પ્રાધાન્ય આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં આઉટ સોર્સીંગની મદદથી ભરવામાં આવતા કર્મચારીઓને લાયકાત મુજબ આ જગ્યાઓ પર કાયમી ધોરણે નિમણૂંક કરવામાં આવે, કામ મુજબનું યોગ્ય વેતન આપવામાં આવે તેવી રાજ્ય સરકારને સાંઈ શક્તિ સેવા ટ્રસ્ટના પ્રમુખે અપીલ કરી છે.

ગાંધીનગર ખાતે આવેલી રાજ્ય સરકારની વિવિધ કચેરીઓમાં જુનિયર કલાર્ક, ઓફીસ આસીસ્ટન્ટ, ડેટા ઓપરેટરની ભરતી સહિતની અનેક પોસ્ટ અત્યારે હાલના સંજોગોમાં આઉટ સોર્સીંગથી ભરવામાં આવે છે. સરકારના ભરતી નિયમ મુજબ ધોરણ-૧૨ પાસ અને કોમ્પ્યુટરની લાયકાત ધરાવનારની ઉમેદવારને કાયમી જગ્યા ઉપર નિમણૂંક થાય છે. જ્યારે આઉટસોર્સિંગ એજન્સીઓ દ્વારા ગ્રેજ્યુએટ અથવા એની ઉપરની લાયકાત ધરાવનારને લેવામાં આવે છે. જે અન્યાયકર્તા હોવાથી ધોરણ-૧૨ને અગ્રતા આપવા સાંઈ શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છે. તેમજ રોજગાર કચેરીઓમાંથી નામો મેળવી ૧૧ માસના કરાર આધાર નિમણુંકો કરવામાં આવેલાઓને છુટા કરવામાં આવ્યા છે. તે તમામને પાંચ વર્ષ પૂર્ણ થાય ત્યારે કાયમી નિમણુંક આપવા તેમજ આઉટ સોર્સિંગથી કરવામાં આવેલ નોકરીની ભરતીના અનુભવ તરીકે ગણી પ્રાધાન્ય આપવા રજૂઆત સરકાર સમક્ષ સેવાટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.



ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ. દ્વારા વાલી સંમેલનનું આયોજન કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૦થી પણ વધારે વાલીઓએ ઉત્સાહભેર હાજરી આપી હતી. આ પ્રોગ્રામમાં કોલેજના ડીરેક્ટર ડૉ. એન.એન. જાનીએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે માર્ગદર્શન આપ્યું હતું. તથા પ્રાધ્યાપક ગણ દ્વારા કોલેજમાં થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની માસિક સામાન્ય સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સંસ્થાના સભ્યો દ્વારા પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

સભામાં ઉપસ્થિત સભ્યોને પ્રમુખ સ્થાનેથી સંસ્થાએ કરેલા કામો અંગે માહિતી આપવામાં આવી હતી. જેમાં બાંધકામ ક્ષેત્રે રોકાયેલા શ્રમિકોના કલ્યાણ માટે કોન્ટ્રાક્ટરો પાસેથી ઉઘરાવેલ રૂ.૧ ૫૦૦ કરોડ અન્ય પ્રોજેક્ટમાં ડાયવર્ડ કર્યા છે અને માત્ર ૯ કરોડ મજૂર કલ્યાણના મૂળભૂત હેતુ માટે ખર્ચ્યા છે. જે નામદાર સુપ્રિમ કોર્ટના આદેશ વિરૂદ્ધ જાય છે. એટલુ જ નહિ પરંતુ બજેટની અનિયમિતતા અને નાણાંકીય ગેરશિસ્ત છે. તેથી સરકારને તા. ૧૩-૮-૧૫ના રોજ આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે અને અન્ય પ્રોજેક્ટમાં ડાયવર્ટ કરેલા નાણાં સેસફંડમાં જમા કરી મજૂર કલ્યાણ ફંડના મૂળભૂત હેતુ માટે વાપરવા અનુરોધ કરવામાં આવ્યો છે. એસોસીએશનના કારોબારી સભ્યની લાયકાત માટે સભ્યે ઓછામાં ઓછા ત્રણ વર્ષ પૂરા કર્યા હોવા જોઈએ. તેમજ સભા અન્ય પ્રશ્નોની ચર્ચા કર્યા બાદ પૂર્ણ થઈ હતી. આ પ્રસંગે ભાનુકાન્ત પરમાર, પાનાચંદ પરમાર, વિરચંદભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

## આજે ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાવન ભાદો મનોરથના હિંડોળા

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલીમાં તા. ૨૩ ઓગષ્ટના રોજ સાંજે ૬ કલાકે સાવનભાદો મનોરથના હિંડોળા યોજાશે. જેમાં વર્ષાઋતુના સુંદર વન્ય વાતાવરણમાં વરસતા વરસાદ, ગાજવીજ વિજળીના ચમકારા, કોયલ મોર, બપિહા જેવા પંખીઓના સુંદર કલરવ વચ્ચે ઠાકોરજી હિંડોળે ઝુલશે. આ નયન રમ્ય અલૌકિક દર્શનનો લ્હાવો લેવા ગાંધીનગર વૈષ્ણવ સમાજના મંત્રી રસીકભાઈ ગાંધીએ ધર્મપ્રેમી જનતાને અનુરોધ કર્યો છે.

**ગુજરાત મિનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી**

પેટ્રોગ્રાફી અને મિનરલ કેમેસ્ટ્રી લેબોરેટરી

બ્લોક નં. ૧૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

ટેલીફોન નં. (૦૭૯) ૨૩૨૫૪૦૩૩

**જાહેર નિવિદા**

બ્લોક નં. ૧૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેની ગુજરાત મિનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીની કચેરીમાં સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણી માટે 'કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા' પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ-અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક વચ્ચે તા. ૮/૯/૨૦૧૫ સુધીમાં અરજી સાથે ગુજરાત મિનરલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટીની કચેરી ગાંધીનગરના નામનો રૂ. ૫૦૦/- નો ડીમાન્ડ સ્વરૂપે (પરત નહીં ચુકવવા પાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારનો રહેશે. જે ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથાકામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકશે.

પૂર્વ લાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ નીચે સહી કરનાર અધિકારીને તા. ૧૧/૯/૨૦૧૫ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં રજી.એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે.

ટેન્ડર ખોલવાની તા. ૧૨/૯/૨૦૧૫ના રોજ ૧૨.૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે રાખેલ છે.

સ્થળ : ગાંધીનગર

તા. ૨૦/૮/૨૦૧૫ નિયામક

માહિતી/૧૨૩૪/૨૦૧૫-૧૬

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ વેચવાનો છે**

2-BHK, સેમી ફર્નિશ્ડ સાથે, ૨૦૧, લાભ એપાર્ટમેન્ટ, પ્રથમ માળ, પી.ડી.પી.યુ. નજીક, રાયસણ. કિંમત : ૩૨ લાખ

સંપર્ક : ૯૮૨૪૫ ૦૯૪૮૦

**ભાડે આપવાની છે**

કંપની અને શૉ-રૂમ લાયક દુકાન ભાડે આપવાની છે.

બી-૪, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

સંપર્ક : ૯૯૦૪૮ ૫૩૦૪૪

**જોઈએ**

ટી-શર્ટની સિલાઈ માટેના અનુભવી તથા શીખાઉ કારીગરો જોઈએ છે.

મો. : ૭૫૬૭૦૬૫૧૮૧

**પ્લોટ જોઈએ છે**

૧૭૫ ચો.વારથી ૨૦૦ ચો.વાર, સરગાસણ ચાર રસ્તા પાસે, શ્યામરંગ, રાજપથ, દેવભૂમિ, સોમનાથ સોસાયટીમાં.

મો. ૯૬૮૭૩ ૧૮૦૧૫

મો. ૯૯૨૫૦ ૩૨૩૫૧